**ઈન્સ્ટ્રકશનલ ફાર્મ,સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃષિ મહાવિધાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના આંબા ફાલના ઈજારાની સનેઃ ૨૦૧૯–૨૦ ના વર્ષની હરાજીથી વેચાણ અંગેની શરતો :–**

૧ ઈન્સ્ટ્રકશનલ ફાર્મ,સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.મ.કૃષિ મહાવિધાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ફાર્મ કમ્પાઉન્ડમાં આવેલ આંબા ઝાડ–૪૪ નો ઈજારો આપવાનો છે.

૨ ઉપરોકત શરત –૧ માં નિર્દેશ કરેલ આંબાનો સને ૨૦૧૯–૨૦ ની સાલમાં આંબાના ફાલના ઈજારાની મુદત તા.૦૬/૦૭/૨૦૧૯ સુધીની રહેશે. મુદત કોઈપણ સંજોગમાં વધારી શકાશે નહી.

૩ ઈજારાદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહી.

૪ ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

**અ** હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અલગથી ડીપોઝીટ પેટે રૂા. ૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) ડીમાન્ડ ડ્રાફટ/ રોકડે થી જમા કરાવવાનાં રહેશે અને તે જ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે અને જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ સાથે હરાજી ની રકમનાં ૧૦% નાણાં ડી.ડી./ રોકડથી તાત્કાલિક જમા કરવાનાં રહેશે અને જે અનામત પેટે ગણવામાં આવશે બાકીના ઈજારાદારોનો અનામત તુર્તજ પરત કરવામાં આવશે. ડીપોઝીટની રકમ ઈજારો પુર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહીં થયા બાબતની સદર ફાર્મના વડા/અધિકારીની સંમતિ મળતા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

**બ** ઈજારાની પુરેપુરી રકમ ઈજારો મંજુર થયેથી તા. ૧૦/૦૫/૨૦૧૯ સુધીમાં બપોરે ૧૨.૦૦ કલાક પહેલા ડીડીથી અથવા રોકડેથી જમા કરાવવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમ છતાં ખાસ કેસ તરીકે ઉપરોકત મુદતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદત વધારી શકાશે અને વધારાના ૧૫ દિવસનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાની રહેશે. રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૫ ઉપર જણાવેલ ઈજારાની રકમ જમા કરાયા બાદ કચેરી તરફથી દાખલો લખી આપવામાં આવશે. ત્યારબાદ ઈજારાદાર કેરી ઉતારવાની શરૂઆત કરી શકશે.

૬ ઉપર જણાવેલ રકમ ઉપર લખેલ મુદતમાં જમા કરાવવામાં નહી આવશે તો ઈજારો રદ ગણવામાં આવશે. તેથી નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારાદારે ભરપાઈ કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોકત ડીપોઝીટની રકમમાંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવા હકદાર રહેશે અને તેમાં ઈજારાદારની કોઈ તકરાર ચાલશે નહિ.

૭ શરત નં. ૪–બ મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમય સર ભરવામાં નહી આવે તો ઈજારદારની અનામત જપ્ત કરવામાં આવશે અને ત્યારબાદ કમીટી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૮ ઈજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રી કે કમીટીની રહેશે. વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારાદારના શિરે રહેશે.

૯ ફળ ઉતારતા કોઈપણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઈજારદાર નવસારી કૃષિ યુનિવર્સિટીને કોઈપણ જાતનું નુકશાન કરશે, તો સંસ્થાને વ્યાજબી લાગે તે નુકશાનીની રકમ વસુલ કરવામાં આવશે. ઈજારાદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી માલની હેરફેર કરવાની રહેશે.

૧૦ સદરહુ ફાર્મમાં ઈજારાદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધિ રાખવામાં આવશે તેના નામ, સરનામા કેન્દ્ર સંચાલકશ્રીને/ફાર્મના વડાને લેખિતમાં રજુ કરવાનાં રહેશે. જે તે શખ્શનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કરતા જણાય તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દૂર કરવાના રહેશે અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. કેન્દ્રના વડાની સમંતિ મેળવ્યા સિવાય કોઈ પણ મજુરોને ઈજારાદારે કામ પર લેવા નહી.

**૧૧.** કોઈપણ કુદરતી આફત અગર કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલ ઝાડનાં ફળને કોઈપણ નુકશાન થશે તો સંસ્થાની કે નવસારી કૃષિ યુનિવર્સિટી ની કોઈ જવાબદારી રહેશે નહી.

**૧૨.** ઈજારાદાર શરત નં.૧ માં જણાવેલ પ્લોટ સિવાયના કોઈપણ પ્લોટમાંથી કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહી. આ શરતો ભંગ થયેથી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**૧૩.** કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારાદાર વાંધો લઈ શકશે નહી.

**૧૪.** માલ ઉતારવાનો સમય સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ તથા બપોરના ૨.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાયનાં તથા રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો કચેરીના વડાની મંજુરી મેળવવાની રહેશે.

**૧૫.** આ અંગેની કોઈપણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવશે તે ઈજારાદારે માન્ય રાખવો પડશે.

૧૬. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે બીજા કોઈપણ ઈસમને ઈજારો આપી શકશે નહી.

૧૭. આંબાના પરિપકવ ફળો બેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપકવ ફળો તોડતા જોવામાં આવશે તો ફળો ઉતારવાનું કેન્દ્ર વ્યવસ્થાપકશ્રી, તરફથી અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવી કે લાંબા વાસથી ઝુડીને કે બીજા અન્ય અયોગ્ય પધ્ધતિથી ફળો ઉતારવા દેવામાં આવશે નહી.

૧૮. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી ઈજારાદારની રહેશે.

૧૯. જે ઝાડો ઉપર સંકરણના પ્રયોગ કરવામાં આવે છે તેમજ કલમો બાંધવામાં આવે છે તેને નુકશાન ન થાય કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. જો તે નુકશાન થયેલ જણાશે તો ડીપોઝીટની રકમ શરત નં. ૪ (અ) માંથી વસુલાત કરવામાં આવશે.

૨૦. ઈજારો રાખનારે કચેરી નકકી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે અને તે મુજબનું લખાણ રૂા. ૧૦૦/– ના નોન જયુડીસીયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા. ૧૦૦/– ના નોન જયુડીસીયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને શરત મુજબ લખી આપવાનો રહેશે.

૨૧. સંજોગોવશાત જો ઉપરોકત શરતોમાં કોઈપણ ફેરફાર યુનિવર્સિટીનાં સત્તાધિશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે તે અંગે કોઈ તકરાર ચાલશે નહી.

૨૨. સજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણુંક કરેલ કમિટીનો નિર્ણય આખરી રહેશે.

૨૩. કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીના ફાર્મની પરિસરમાં કેરી પકવવા માટે કેલ્શીયમ કાર્બાઈડનો તથા તેના જેવા રાસાયણિક પદાર્થનો ઉપયોગ કરી શકાશે નહિ.

૨૪. હરાજીના સમયે આવેલ ટેન્ડર ધ્વારા આવેલ ભાવ અંદાજીત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૨૫. ઈજારદારે અનામતના રકમ સાથે પાનકાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૨૬. જે ઈજારદારનો ઈજારો મંજુર થશે તેમણે પોતાના મજુરોની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.

૨૭. જો ઈજારદાર કાચી અથવા પાકી કેરીનું વેચાણ ફાર્મ સિવાય કેમ્પસ પરિસરમાં કરવી હોય તો તે માટે અલગથી રૂા.૧૫૦૦૦ ડીડીથી/રોકડેથી કાર્યપાલક ઈજનેર,ન.કુ.યુ.,નવસારીની કચેરી ખાતે ભરવાના રહેશે.

૨૮. ટેન્ડરફોર્મ સાથે રૂા.૨૦૦૦/– (બે હજાર)નો ડીમાન્ડ ડ્રાફટ **ASSISTANT ADMINISTRATIVE OFFICER,NMCA** ના નામનો નવસારી ખાતે ચૂકવી શકાય તેવો રાષ્ટ્રીય કૃત બેંકનો ડીપોઝીટ પેટે જોડવાનો રહેશે.

૨૯. રૂા. ૫૦૦/– ( અંકે રૂપિયા પાંચસો પુરા ) અત્રેના ફાર્મ ખાતે રોકડા ભરીને ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે.

30. ફળો ફાર્મની બહાર લઈ જવા માટે ઝાડના ફળો ઉતાર્યા હોય તેની વજનની નોંધ ફરજિયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે.

સ્થળઃ–નવસારી

તા.૧૫ –૪–૨૦૧૯

પ્રાધ્યાપક અને વડા
સસ્ય વિજ્ઞાન વિભાગ
ન.મ.કૃષિ મહાવિધાલય
ન.કૃ.યુ.,નવસારી

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી